# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

<u>માધાપર ચોકડી, ગોંડલ ચોકડી અને સેન્ટ્રલ ઝોનમાં રસ્તાઓ પર પડી ગેયલ ખાડામાં સીસી, પેવીંગ બ્લોક અને મેટલ મોરમથી રીપેર કરવાની કામગીરીની સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા</u>

## ભારે વરસાદના પગેલ નુકશાન થયેલ રસ્તાઓનુ તાત્કાલિક રીપેરીંગ કામ કરવા સુચના: ગઈકાલ માધાપર ચોકડી ખાતે બ્રિજના કોન્ટ્રકટર પાસે ટ્રાફિકને ધ્યાનમાં રાખી રાત્રીના 03:00 વાગ્યા સુધી સીસી વર્ક કરાવાયું

તારીખ: ૧૪-૦૭-૨૦૨૨

રાજકોટ શહેરમાં ભારે વરસાદને પગલે રસ્તોઓ પર ખાડા પડી ગયેલ છે, જેને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાએ તમામ ખાડાઓમાં સીસી, પેવિંગ બ્લોક અને મેટલ મોરમથી રીપેર કરાવવાની સુચના આપી હતી. આજે તા. ૧૪-૦૭-૨૦૨૨નાં રોજ મ્યુનિ. કમિશનરશ્રીએ સેન્ટ્રલ ઝોન વિસ્તાર સહીત માધાપર ચોકડી અને ગોંડલ ચોકડી ખાતે રસ્તાને રીપેર કરવાની કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સુચના આપી હતી.

માધાપર ચોકડી ખાતે ટ્રાફિકને ધ્યાનમાં રાખીને બ્રિજના કોન્ટ્રકટર આર. એન્ડ બી. એજન્સીને રાત્રીના 03:00 વાગ્યા સુધી કામગીરી ચાલુ રાખવી સીસી વર્ક કરાવવામાં આવ્યું હતું અને હાલ બાકી રહેલ કામગીરી પણ ઝડપીથી પૂર્ણ કરવા સુચના આપી હતી. સેન્ટ્રલ ઝોનમાં ખોડીયાર ૫૦ ફૂટ રોડ, પારડી રોડ, ટાગોર માર્ગ, શીતલ પાર્ક મેઈન રોડ સહિતના રસ્તો પર કામગીરી ચાલી રહી છે.

વરસાદને કારણે નુકશાન થયેલ રસ્તાઓને સીસી, પેવિંગ બ્લોક અને મેટલ મોરમથી કરવામાં આવતું પેચ વર્ક અને બાકી રહેલ પેચ વર્ક અંગે સ્થળ મુલાકાત કરી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા મ્યુનિ. કમિશનરશ્રીએ સુચના આપી હતી.

આ મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, સિટી એન્જી. શ્રી એચ. એમ. કોટક, પી.એ.(ટેક.) ટુ કમિશનરશ્રી રસિક રૈયાણી, ડીઈઈ શ્રી રાજેશ મકવાણા અને આર.એન્ડ.બી. એજન્સીનાં પ્રતિનિધિશ્રીઓ હાજર રહ્યા હતા.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા